જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર **(P.R.O.)**
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૮/૨૦૨૨   ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૪૨૫/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯ | ૩,૫૮,૩૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૨૨ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૪ બીયરટીન, ૦૧ ટેમ્પો અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૮/૨૦૨૨**

**રામોલઃ** રાહુલભાઇ કાંતીલાલ નાગર (ઉ.વ.૨૮)(રહે.રાધવેન્દ્ર એવન્યુ મહાદેવનગર વસ્ત્રાલ) એ તા.૧૦/૦૮/૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૧૨/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાલ મહાદેવનગર, રાધવેન્દ્ર એવન્યુ “આર.કે.પેકેજીંગ ઇંડસ્ટ્રીઝ” ખાતે આરોપી યશ મહેતા ઉર્ફે સોયેબ કેરુવાલા (રહે.પીંકીપંથ હાઉસ, મસ્તકીબાગ કાજીના ધાબા આસ્ટોડીયા ચકલા) અને “લિસા એક્સપોર્ટ” ના પ્રોપરાઈટર (ઓફિસ:-પેલેડીયમ બિજનેશ પાર્ક જીપ શો રુમની સામે મકરબા વેજલપુર) એ લીસા એક્સ્પર્ટ નામની ફર્મ બનાવી તેમાં અન્ય ટેક્ષટાઇલ્સ થી રાહુલભાઇ પાસેથી કોરુગેટેડ પેકેજીંગ બોક્ષ મંગાવી તેના નાણા ચૂકવી વિશ્વાસમાં લઇ બીજી વખત કુલ રૂપિયા ૯,૭૬,૫૧૬/- મતાના કોરુગેટેડ પેકેજીંગ બોક્સ મંગાવી તેના નાણા નહી ચુકવી રાહુલભાઇ સાથે છેતરપીડી અને વિશ્વાસધાત કર્યો હતો. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશકુમાર મણીલાલ ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ** **સમાચાર યાદી નં.૧૪૨૯/૨૦૨૨**

**સેટેલાઇટઃ** અમનભાઇ નિલેશભાઇ પટેલ (ઉ.વ.૨૬)(રહે,અમન હાઉસ અશ્વવિલા બંગ્લોઝ પાછળ બોડીલા ગાર્ડન પાછળ સિંધુભવન રોડ થલતેજ બોડકદેવ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૨૨ રાતના ૯/૦૦ થી તા.૧૦/૦૮/૨૦૨૨ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન સેટેલાઈટ ઇસ્કોન મંદિર પાછળ શારદા ફાર્મ ની ઓફિસનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, મોબાઇલ ફોન નંગ-૦૬ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦- અને રોકડ રૂપિયા ૭,૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.મહેતા ચલાવે છે.

**<u>ચોથા માળેથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૩૦/૨૦૨૨</u>**

નારોલઃ દિનેશસિંગ માલસિંગ રાવત (ઉ.વ.૨૮)(રહે.શ્યામ રો-હાઉસ માળીયાપાર્ક ચારભુજા કિરાણા સ્ટોર્સ સામે, રાણીપુર નારોલ. મુળ વતન: ગામ-સનવા તા-વ્યાવર જિ-અજમેર રાજસ્થાન) નાઓ તા.૦૯/૦૮/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે નારોલ કર્ણાવતી-૦૩ ની સામે "રશ્મી નિર્વાના" સાઇટ ઉપર ટાંચણ મારવાનુ કામ કામ કરતા હતા ત્યારે ચોથા માળેથી પડી જતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને નારોલ "શક્તિ જનરલ હોસ્પીટલ" ખાતે લઇ જતા સારવાર દરમ્યાન સાંજના ૭/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૩૧/૨૦૨૨</u>**

**દાણીલીમડાઃ** નઝરાનાબાનુ ડો/ઓ ઇસ્લામુદિનભાઇ અંસારી (ઉ.વ.૨૩)(રહે.એમ.એસ.પાર્ક ગુલમહોર રોડ બ્રાઇટન સ્કુલની પાછળ બેરેલ માર્કેટ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૮/૨૦૨૨ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે દાણીલીમડા ન્યુ શાહઆલમનગર ખાતે આવેલ પોતાના ભાઇના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.રાઠવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી